## પાઠ – ૩૨ જૈન સંપ્રદાય

જૈન સમુદાય ઘણા સંપ્રદાય અને પેટા સંપ્રદાયોમાં વિભાજીત થયેલો છે. જૈન સમાજના આ રીતે વિભાજન થવાના ઘણા કારણો છે. જૈન સમાજના સૌથી મોટા ભાગલા તિર્થંકર મહાવીરના નિર્વાણ બાદ થયા હતા.

### જૈન સુમદાયના ભાગલાના કારણો :

જૈન સમુદાયના ભાગલા પડવાના ઘણા કારણો છે. પરંતુ જેના લીધે આ ભાગલા પડયા તેના કારણો નીચે મુજબ છે.

**૧) જૈન ધર્મનો અલગ અલગ રાજયોમાં ફેલાવો :**

તિર્થંકર મહાવીરના નિર્વાણ બાદ જૈન ધર્મ સમસ્ત દેશમાં ફેલાયો હતો. તેમના અનુયાયીઓ જુદા જુદા રાજયમાં ગયા અને જૈન ધર્મનો પ્રચાર કર્યો હતો જેથી તેનું અસ્તિત્વ ટકી રહે. આગળ જતા ઘણા બધા રીવાજો, સંજોગો, જીવન પધ્ધતિ વગેરેથી તે સ્થળોમાં જૈન ધર્મના પાલન અને આચાર પર થવા લાગી અને સમુદાયમાં ઘર્ષણ શરૂ થવા લાગ્યું અને ભાગલા પડયા.

**૨)સૂત્રોની વ્યાખ્યા :**

તિર્થંકર મહાવીરના જીવનકાળ દરમ્યાન અને તેમના નિર્વાણ પછી તરત ધર્મના સૂત્રો, પાઠ, સિધ્ધાંતો વગેરે લખવામાં આવ્યા ન હતા. બધું જ જ્ઞાન કંઠસ્થ કરી યાદ રાખવામાં આવતું હતું. આ શાસ્ત્રો ઘણા વર્ષો પછી લખાયા હતા જે બધાને માન્ય ન હતા. જે લખાયું હતું એના અર્થઘટન માટે પણ મતભેદો હતા અને જુદા જુદા વિચાર શ્રેણીવાળાઓના જુદા જુદા સંપ્રદાયો બનતા ગયા.

**૩) જૈન ધર્મગુરુઓ વિરુધ્ધ બળવો :**

ધર્મગુરુઓ દ્વારા કડક સિધ્ધાંત અને પાલનના નિયમો હતા અને તે અનુયાયી પાસે સખતાઈથી પાલન કરાવતા હતા તેના લીધે બળવો થયો. સમયાનુસાર થતા બદલાવને આંખ આડા કાન કર્યા જેનાથી એક જ અવિભાજીત જૈન સમાજ બે અલગ સંપ્રદાયોમાં વિભાજીત થઈ ગયો અને આજે પેટા સંપ્રદાયો પણ ઘણા છે.

### સૌથી મોટા બે વિભાગ :

જૈન ધર્મનો ઈતિહાસ સમયે સમયે સંઘના કે સમાજના ભાગલા પડવાના બનાવો બન્યા કર્યા છે અને પરિણામે સંપ્રદાયો અને પેટાસંપ્રદાયો ઉત્પન્ન થયા. એમ કહેવાય છે કે આઠ

વખત જુદા થવાના પ્રસંગો થયા હતા, તેમાંથી સૌથી પહેલો પ્રસંગ તિર્થંકર મહાવીરના જીવન દરમ્યાન જમાલીને કારણે બન્યો હતો અને આઠમો અને અગત્યનો પ્રસંગ તિર્થંકર મહાવીરના નિર્વાણના ૬૦૦ વર્ષ પછી ઈશુની પહેલી સદીમાં બન્યો હતો. આ આઠમો અને છેલ્લો મહત્વનો છે કારણકે તેનાથી સમગ્ર જૈન સમાજના બે ભાગ પડી ગયા – શ્વેતાંબર અને દિગંબર. આના સંદર્ભમાં એ ધ્યાન રાખવું જરૂરી કે પોતાની પ્રાચીનતા સાબિત કરવા દરેક સંપ્રદાયે પોતાની કથા આગળ કરી છે એ સાબિત કરવા કે પોતાનો સંપ્રદાય બીજા કરતા પ્રાચીન છે.

૩ જી શતાબ્દી B.Cમાં પ્રખ્યાત જૈન સંત શ્રુત કેવલી ભદ્રબાહુએ લાંબા કારમા દુકાળની આગાહી કરી હતી. આ દુકાળની કારમી અસરમાંથી બચવા ભદ્રબાહુ ૧૨૦૦૦ સાધુઓને પોતાની સાથે લઈ મગધની રાજધાની પાટલીપુત્ર છોડી દક્ષિણ ભારતમાં શ્રવણબેલગૌડા કર્ણાટકમાં દેશાંતર કરી ગયા. તે સમયના રાજા ચંદ્રગુપ્ત મૌર્ય જે આચાર્ય ભદ્રબાહુના ભકત હતા તે આચાર્યની સેવામાં સાધુ બનીને તેમની સાથે ત્યાં રહ્યા હતા. આ ચંદ્રગુપ્ત મૌર્ય આચાર્ય ભદ્રબાહુના અનન્ય શિષ્ય બન્યા. જૈન ધર્મના રિવાજ પ્રમાણે પ્રાયશ્ચિત કરવા સંલેખના ગ્રહણ કરી અને શ્રવણબૈલગૌડાની ટેકરી ઉપર તેમનો સ્વર્ગવાસ થયો. આ ભદ્રબાહુ – ચંદ્રગુપ્તની પરંપરા માટે ઘણા શિલાલેખ અને સાહિત્યના પૂરાવાઓ મળે છે.

બાર વર્ષના દુકાળ બાદ જયારે ભદ્રબાહુ બધા સાધુ સાથે પાછા આવ્યા ત્યારે તેમને પોતાની ગેરહાજરીમાં સંઘમાં થયેલા બદલાવ જોઈને આશ્ચર્ય થયું. એક ફેરફાર હતો સાધુઓને એક સફેદ વસ્ત્ર (અર્ધફલક) પહેરવાની છૂટ આપવામાં આવી હતી અને બીજો આચાર્ય સ્થૂલીભદ્રની આગેવાની હેઠળ પાટલીપુત્રમાં આગમ સૂત્રોની વાચના થઈ હતી. પણ પાછા ફરનાર સાધુઓને આ બંને ફેરફાર મંજૂર ન હતા. આ પ્રમાણે આખો સંઘ બે વિભાગમાં વહેચાય ગયો જે વસ્ત્રની છૂટ રાખવામાં ન માનતા તેઓ દિગંબર કહેવાયા અને જે સફેદ વસ્ત્રની છૂટ રાખવામાં માનતા તેઓ શ્વેતાંબર કહેવાયા.

પણ આ બાબતમાં શ્વેતાંબર સંપ્રદાયમાં જુદી જ વાત પ્રચલિત છે. મુનિ શીવભૂતિ તેમના ગુરુ કૃષ્ણાજી મહારાજથી નાખુશ હતા કારણ કે ગુરૂએ રાજાએ આપેલી કિમંતી શાલ ફાડીને ફેકી દીધી. મુનિ શિવભૂતિએ આગમોમાં વાચ્યું હતું કે બે પ્રકારના કલ્પ હોઈ શકે. જિનકલ્પ – જેમાં કાંઈ વસ્તુ રખાય નહી અને સ્થવિર કલ્પ – જેમાં જરૂરી વસ્તુઓ રાખી શકાય. તેમણે કોઈ પણ વસ્તુ નહી રાખવાનો નિર્ણય કર્યો અને વસ્ત્રોનો પણ ત્યાગ કર્યો ત્યારથી દિગંબર સંપ્રદાયની શરૂઆત થઈ. જિનકલ્પી જેને વસ્ત્રની જરૂરત ન હોય તે દિગંબર કહેવાયા. આગમોમાં પ્રાચીન સમયમાં વસ્ત્રોનો ઉલ્લેખ ખાસ સંજોગોમાં મળે છે પણ વસ્ત્ર વાપરવા બાબત કોઈ ખાસ ચોક્કસ નિયમનો ઉલ્લેખ નથી.

શરૂઆતમાં જયારે ભાગલા પડયા ત્યારે તે એટલા સખત ન હતા અને તેનું મોટું

સ્વરૂપ ન હતું. તેમાં સિધ્ધાંતિક કઠોરતા ન હતી પરંતુ એ પણ સત્ય છે કે નગ્નતા જિનના ગુણધર્મોમાં સૌથી ઊંચુ સ્થાન ધરાવે છે. ઘણી જૈન તિર્થંકરોની નગ્ન પ્રતિમાઓ ઉત્તર પ્રદેશ મથુરામાંથી મળી છે. પરંતુ ધીરે ધીરે કપડાનો પ્રશ્ન મુખ્ય બન્યો અને ઘણા અલગ અલગ દ્રષ્ટિકોણથી અલગ અલગ મતો આવવા લાગ્યા કે સાધુઓએ કપડા પહેરવા કે નહી ? પરિણામ સ્વરૂપે સમયાંતરે બદલાતી પરિસ્થિતી, વલણ અને દ્રષ્ટિકોણ સખત થવા લાગ્યા. સિધ્ધાંતોની અસર ઓછી થવા લાગી. સંપ્રદાયોમાં બાહ્ય દેખાડાનું મહત્વ વધવા લાગ્યું.

**દિગંબર અને શ્વેતાંબરનો તફાવતઃ**

**૧) નગ્નતા :** દિગંબરના મત પ્રમાણે વસ્ત્રહીનતા (નગ્નતા) સાધુ જીવનની સાધના માટે અને મોક્ષ પ્રાપ્તિ માટે અતિ આવશ્યક છે. પરંતુ શ્વેતાંબરો માને છે કે તે જરૂરી નથી.

**૨) સ્ત્રી માટે મોક્ષ :** દિગંબર મત પ્રમાણે મોક્ષ પ્રાપ્તિ માટે જરૂરી એવી શરીર રચના અને દ્રઢ મનોબળ સ્ત્રીમાં હોતા નથી. તેથી સ્ત્રીએ મોક્ષ પ્રાપ્તિ માટે પુરુષ તરીકે પૂર્નજન્મ લેવો જ પડે પરંતુ શ્વેતાંબરો માને છે કે સ્ત્રીમાં તે જ જન્મમાં મોક્ષે જવાની ક્ષમતા છે.

**૩) કેવળજ્ઞાનીનો આહાર :** દિગંબર મત પ્રમાણે જે સાધુ કેવળજ્ઞાની બની જાય તેને કેવળ આહાર (કોળીયા નો આહાર) ની જરૂર નથી રહેતી. પરંતુ શ્વેતાંબરો આ વાત નથી માનતા.

**૪) તિર્થંકરોની મૂર્તિઓ :** શ્વેતાંબર પરંપરામાં મૂર્તિઓને વસ્ત્ર પહેરેલું હોય એમ બતાવવામાં આવે છે. ઉપરાંત કાચની આંખો બેસાડેલી હોય છે અને મૂર્તિઓ રત્નજડિત હોય છે. દિગંબર પરંપરામાં મૂર્તિઓ નગ્ન હોય છે અને આંખો નીચે ઢળેલી ધ્યાનની મુદ્રામાં હોય છે.

**૫) મહાવીરનો ગર્ભ :** શ્વેતાંબરો માને છે કે તિર્થંકર મહાવીરનો ગર્ભ બ્રાહ્મણ માતા દેવાનંદાની કુક્ષીમાંથી ૮૩માં દિવસે ઈન્દ્રદેવે ક્ષત્રિય માતા ત્રિશલાની કુક્ષીમાં મૂકયો હતો. દિગંબર પરંપરા આ વાતને માન્યતા નથી આપતી.

**૬) મહાવીરના લગ્ન :** શ્વેતાંબરો માને છે કે મહાવીરે રાજકુમારી યશોદા સાથે લગ્ન કર્યા હતા અને તેમને એક પ્રિયદર્શના નામે પુત્રી હતી. દિગંબર પરંપરા આ વાતને માન્યતા નથી આપતી.

**૭) આગમ સાહિત્ય :** શ્વેતાંબરો આજે ઉપલબ્ધ બાર અંગ અને સૂત્ર વગેરે આગમ સાહિત્યને પ્રમાણ અને પવિત્ર માને છે. જયારે દિગંબરોના મત પ્રમાણે મૂળ સૂત્રો અને મૂળ પાઠ હવે ઉપલબ્ધ નથી. તે ઘણા સમયથી લુપ્ત થઈ ગયા છે. આચાર્ય સ્થૂલીભદ્રની આગેવાની હેઠળ થયેલી પહેલી વાચનાની ઉપલબ્ધિ તેઓને સ્વીકાર્ય નથી.

**૮) સાધુ ભિક્ષાની રીત :** શ્વેતાંબર સાધુઓ જુદા જુદા ઘરમાંથી ભિક્ષા તેમના પાત્રમાં ભેગી કરે છે. જયારે દિગંબર સાધુ જે ઘરમાં સંકલ્પ પૂરો થાય તે એક જ ઘરમાંથી પોતાના કરપાત્ર (બે

હથેળી ભેગી કરીને) માં ભિક્ષા લઈ ત્યાંજ ઉભા રહીને આરોગે છે.

**૯) તિર્થંકર મલ્લીનાથ :** શ્વેતાંબર પરંપરામાં ૧૯માં તિર્થંકર મલ્લીનાથને સ્ત્રી તરીકે માને છે. દિગંબર પરંપરા પ્રમાણે મલ્લીનાથ પુરુષ હતા.

**૧૦) સાધુના ઉપકરણ :** શ્વેતાંબર સાધુઓ ૧૪ ઉપકરણ રાખી શકે છે, તેના વસ્ત્ર, પાત્ર વગેરે. દિગંબર સાધુ ફક્ત બે વસ્તુ રાખી શકે છે એક મોરપીંછ અને કમંડળ.

બંને સંપ્રદાયના પૂજા, નિયમો, રીતરીવાજ, આચરણમાં ઘણા તફાવત છે પરંતુ આધ્યાત્મિક દ્રષ્ટિએ તે ખાસ મહત્વના નથી. લગભગ ૧૫મી શતાબ્દી સુધી બંને સંપ્રદાય મૂર્તિપૂજક હતા પણ ત્યારબાદ મૂર્તિખંડન અને એવી બીજી અસરથી ઘણા લોકોએ મૂર્તિપૂજા છોડી દીધી.

**ચપનિયાસ :**

દિગંબર અને શ્વેતાંબરની સાથે એક ત્રીજો સંપ્રદાય હતો જેનું નામ ચપનિય હતું. દિગંબરો કહેતા કે તે શ્વેતાંબરનો ભાગ છે અને શ્વેતાંબરો કહેતા કે એ દિગંબરથી છુટો પડેલો છે. પરંતુ આ તદ્દન જુદો પંથ હતો જેણે દિગંબર માન્યતા પ્રમાણે નગ્નતા માન્ય કરી હતી, મોરપીંછ, કમંડળ વગેરે અને શ્વેતાંબર પરંપરા પ્રમાણે સ્ત્રીઓ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે એ માન્ય રાખ્યું હતું. પરંતુ ધીરે ધીરે થોડા કારણોથી તે તરત જ વિલિન થઈ ગયો અને હવે એ નથી. તેનું ઉદ્દ્ગમ શ્રીકલા નામના શ્વેતાંબર મુનિના નામે છે જેમણે કલ્યાણનગરમાં A.D. ૧૪૮ માં આ પંથની શરૂઆત કરી હતી.

**દિગંબર સંપ્રદાયની ઉપશાખાઓ :**

**૧) મૂળ સંઘ :** આ સંઘની સ્થાપના કયારે થઈ તે સ્પષ્ટ નથી. આ લગભગ ૧-૨ શતાબ્દી A.D.નો પ્રાચીન સંઘ છે. આચાર્ય કુંદકુંદના મૂળ સંઘમાંથી બીજા ઘણા સંઘો છુટા પડયા છે. સમયસાર, નિયમસાર, પ્રવચનસાર અને પંચાસ્તિકાય આ કુંદકુંદચાર્ય દ્વારા લિખિત મહત્વના પુસ્તકો છે. તેમણે ૮૪ પાહુડ પણ લખ્યા છે જેની હસ્તપ્રત અલભ્ય છે.

**૨)દ્રવિડ સંઘ :** આ સંઘની સ્થાપના ૬ઠી શતાબ્દી A.D.માં વ્રજનંદીએ મથુરામાં કરી હતી. આ સંઘના સાધુઓ દક્ષિણમાં સ્થાયી થયા છે. મૈસુર તેમનું મુખ્ય મથક છે. પદ્માવતી દેવીની પૂજા આ સંઘે શરૂ કરી હતી.

**૩) કાષ્ટ સંઘ :** આ સંઘની સ્થાપના કુમારસેને ૮ મી શતાબ્દી A.D. માં મથુરામાં કરી હતી. તેઓ લાકડાની મૂર્તિની પૂજા કરતા હતા.

**૪) બીસપંથ :** આ સંઘના અનુયાયી તો મૂળ ભટ્ટારક સંઘના અનુયાયી છે. તેઓ તિર્થંકરની સાથે તેના ક્ષેત્રપાળો અને પદ્માવતી દેવીની પૂજા કરે છે. તેઓ ફળ, ફૂલ, કેસર, મિઠાઈ, ધૂપ વગેરેથી પૂજા કરે છે. આરતી કરતી વખતે ભટ્ટારક સંઘવાળા જમીન પર બેસે છે અને બીજા ભક્તોને પ્રસાદ વહેંચે છે. થોડાક લોકોના મતે ભટ્ટારક સંઘ દિગંબર સંઘનો મૂળ સંઘ છે. આજના સમયમાં જોઈએ તો મહારાષ્ટ્ર, કર્ણાટક, રાજસ્થાન, ગુજરાત અને દક્ષિણ ભારતમાં આજ સંઘના અનુયાયીઓ છે.

**૫) તેરા પંથ :** આ સંઘની શરૂઆત ૧૬૨૬ C.E.માં થઈ જેમાં ભટ્ટારક સંઘમાંથી અસંતોષથી લોકો નીકળીને કરી છે. તેમના ઘણા અનુયાયીઓ ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, અને મધ્યપ્રદેશમાં છે. તેમના મંદિરોમાં ફક્ત તિર્થંકરોની મૂર્તિ જ હોય છે. તેઓ તિર્થંકરની પૂજા સૂકા ચોખા, બદામ, લવિંગ, સુકું કોપરું, ખજૂર, વગેરેથી કરે છે. તેઓ આરતી નથી કરતા, પ્રસાદ નથી વહેંચતા. આ સુધરેલો પંથ છે જે પારંપારિક પંથના થોડા નિયમોને નથી માનતા.

**૬) તારણપંથ :** આ સંઘની સ્થાપના તારણસ્વામી (૧૪૪૮ થી ૧૫૧૫) એ કરી હતી. તેનું બીજું નામ સમય પંથ છે. તેઓ મૂર્તિપૂજન નથી કરતા, શાસ્ત્રોના પુસ્તકની પૂજા કરે છે. તારણસ્વામીનો સ્વર્ગવાસ મલ્હારગઢ, વિદિશા મધ્યપ્રદેશમાં થયો હતો. તરણપંથીઓ માટે આ મુખ્ય જાત્રાનું સ્થળ છે. તેઓના શાસ્ત્ર ભંડાર હોય છે. જેમાં તેઓ આચાર્ય કુંદકુંદચાર્યના લખેલા પુસ્તકો રાખે છે. ૧૪ પુસ્તકો તારણસ્વામીએ લખેલા છે. આ પંથ આંતરીક તપ એટલે કે ધ્યાનમાં માને છે અને શાસ્ત્રોના અભ્યાસમાં માને છે. તેઓ બાહ્ય ધાર્મિક ક્રિયાઓ ઓછી કરે છે. તારણસ્વામી ધર્મની બાબતમાં ઘણા આગળ પડતા હતા. તેમણે પોતાના સંઘમાં નીચલી તેમજ મુસ્લીમ જ્ઞાતિના લોકોને પણ આવકાર આપ્યો હતો. આ પંથના લોકો મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં જોવા મળે છે.

**૭) સાઢે સોલાપંથ /તોતાપંથ :** બીસપંથ અને તેરાપંથમાં રહેલા ભેદોને પરિણામે આ સંપ્રદાય ઉત્પન્ન થયો હતો. તેમના વચ્ચે સુલેહ કરવાના ઘણા પ્રયત્નો થયા હતા પરંતુ સફળતા મળી ન હતી. આ પંથમાં ઘણા ઓછા લોકો છે અને ફક્ત મધ્યપ્રદેશમાં છે.

**૮) કાનજીપંથ :** થોડા વર્ષ પહેલા જ એક નવો દિગંબર પંથ શરૂ થયો છે જે કાનજીપંથ તરીકે ઓળખાય છે. તેમના અનુયાયીઓ વધતા જઈ રહ્યા છે. કાનજીસ્વામી એક શ્વેતાંબર સાધુ હતા પછી તે છોડી તેઓ દિગંબર શ્રાવક બન્યા. તેઓ કુંદકુંદચાર્યના લખેલા પ્રાચીન ગ્રંથોને લોકપ્રિય કરવામાં સફળ રહ્યા. આ ગ્રંથોમાં રોજીંદી ધાર્મિક ક્રિયાને બદલે આદર્શોને વધારે મહત્વ આપવામાં આવ્યું છે. ભાવનગર નજીક સોનગઢમાં અને રાજસ્થાનમાં જયપુરમાં કાનજીપંથનો પ્રભાવ વધતો જાય છે. દિગંબર અને શ્વેતાંબર બંને વિભાગના લોકો કાનજીપંથ

તરફ આકર્ષાયા છે. તેમના મંદિરો નૈરોબી અને લંડનમાં પણ છે.

**શ્વેતાંબર સંપ્રદાયના પેટા વિભાગો :**

**૧) મૂર્તિપૂજક દેરાવાસી :** તિર્થંકરોની મૂર્તિની પૂજા કયારથી શરૂ થઈ એ કશું સ્પષ્ટ નથી. પહેલાના જમાનાથી મૂર્તિની પૂજા કરનારાને દેરાવાસી, ચૈત્યવાસી, મંદિરમાર્ગી કે પૂજેરા તરીકે પણ ઓળખાતા હતા. તેઓ મૂર્તિની પૂજા કેસરથી કરે છે, ફૂલ ચડાવે છે, સુંદર વસ્ત્રો પહેરાવે છે, આભૂષણો પહેરાવે છે, અક્ષત, મિઠાઈ, ફળ, ધૂપથી પૂજા કરે છે. પૂજા કરતી વખતે પોતાનું મોઢું રૂમાલથી ઢાંકીને રાખે છે. પ્રક્ષાલ, અંગલુછણા, પૂજા તેમજ આરતી પણ કરે છે. શ્વેતાંબરો આખા ભારતમાં વસેલા છે. મોટા પ્રમાણમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાનમાં તેમજ યુ.કે અને યુ.એસ.એ માં પણ તેમાના ઘણા લોકો વસ્યા છે.

**મૂર્તિપૂજકના પેટા પ્રકાર :** હેમચંદ્રાચાર્યથી એકાદ સદી પૂર્વે શ્વેતાંબર સંપ્રદાયના વિભાજનના પૂરાવા મળે છે. આ વિભાગો ગચ્છ તરીકે ઓળખાય છે. જુદા જુદા સાધુઓ અને આચાર્યો નીચે આ ગચ્છો બનતા ગયા. ૧૧મી થી ૧૩મી સદી સુધીમાં ૮૪ ગચ્છોની સ્થાપના થઈ. પરંતુ ઘણા ગચ્છો ટકી ન શકયા, કેટલાક એકબીજા સાથે ભળી ગયા. આજે ૩ કે ૪ ગચ્છમાં બધો સમાજ વહેંચાયેલો છે. દરેક ગચ્છના પોતાના મંદિરો, સાધુઓ અને આચાર્યો છે.

**અ) તપગચ્છ :** આચાર્ય તપાચંદ સુરીએ ૧૨૨૮ C.E માં કઠણ તપસ્યા કરી હતી. તે સમયના મેવાડના રાજા જૈત્રસિંહે તેમને તપસ્વીનો ખિતાબ આપ્યો હતો એટલે તેમના શિષ્યો અને અનુયાયીઓ તપગચ્છ અથવા તપાગચ્છના કહેવાયા. આ સૌથી મોટો ગચ્છ ગણાય છે તેમના અનુયાયીઓ આખા ભારતમાં છે. ખાસ કરીને ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ, હરિયાણામાં છે.

**બ) ખડતર ગચ્છ :** આ ગચ્છની સ્થાપના ૧૦૯૦ C.E પહેલા થઈ હોવાની માન્યતા છે. એક લોકવાયકા પ્રમાણે ૧૦૨૨ C.Eમાં અણહીલવાડાના રાજા દુર્લભરાયના દરબારમાં એક ધાર્મિક ચર્ચામાં આચાર્ય જિનેશ્વરે ચૈત્યવાસીઓને હરાવ્યા હતા. આ પ્રસંગે તેમને ખડતલનો ખિતાબ મળ્યો હતો. તે ઉપરથી ખડતર ગચ્છ નામ પડયું. બીજી લોકવાયકા પ્રમાણે જિનદત્તસૂરીએ ૧૧૪૭ C.E. માં આ ગચ્છ શરૂ કર્યો હતો. આ ગચ્છે ભારતભરમાં દાદાવાડીઓની સ્થાપના કરી છે.

**ક) અચલગચ્છ :** આ ગચ્છના સાધુઓ મુહપત્તીની જગ્યાએ એક કપડાનો ટુકડો રાખે છે અને રોજીંદી ક્રિયા, પૂજા વખતે મોઢું ઢાંકે છે એટલે જ અચલગચ્છ નામ પડયું છે. તેનું બીજું નામ વિધિ પક્ષ છે. તેની સ્થાપના ૧૧૫૬ C.E માં આચાર્ય આર્યરક્ષિતસૂરી દ્વારા ઉત્તર ભારતમાં થઈ હતી.

આ ભાગલા છતા બધા એકજ ફિલસૂફીમાં માને છે, સિધ્ધાંતોમાં માને છે. તિર્થંકર મહાવીરના ઉપદેશને જગતમાં ફેલાવવા અને બધા જૈન ફિરકાઓમાં એકતા લાવવા માટે અગત્યના તહેવારો સાથે મળીને ઉજવવાના પ્રયત્નો ઘણા વર્ષોથી કરવામાં આવે છે પરંતુ કેટલાક મતભેદો હજુ પણ છે. ખાસ કરીને યાત્રાના સ્થળો અને મંદિરોની માલિકીના સંબંધમાં દિગંબર અને શ્વેતાંબર મૂર્તિપૂજકો વચ્ચે ખટરાગ ચાલે છે.

**૨) સ્થાનકવાસી :** સ્થાનકવાસી સમુદાય ઘણો મોટો સમુદાય છે. લગભગ ૧૪૬૦ C.E ના સમયમાં અમદાવાદના લોન્કા નામના વેપારીએ આ સંઘની સ્થાપના કરી. લોન્કા શ્રાવકને જૈન ધર્મનું ઊંડુ જ્ઞાન હતું. એમ કહેવાય છે કે લોન્કાને સૂત્રોના પાઠોની કોપી કરવા માટેનું કામ આપવામાં આવ્યું હતું. આ કામ કરતા તેમને સમજાયું કે મૂર્તિપૂજા કરવી એ ખોટી માન્યતા છે અને સાધુઓએ નિયમોનું કડક પાલન કરવું જોઈએ. આ બે વાત ઉપર ખાસ ભાર આપીને લોન્કા સંપ્રદાય જુદો પડયો. લવજી નામના શ્રાવકે સાધુઓના શિથિલ આચારની સામે સુધારા કરવા માટે અને તિર્થંકર મહાવીરના ઉપદેશ પ્રમાણે સાધુ પણું પાળવા માટે ઘણા સુધારા કર્યા અને મૂર્તિપૂજા ન કરવાનું નક્કી કર્યું.

સુરતના વીરજી નામના શ્રાવક યતિ તરીકે દીક્ષિત થયા અને કડક પણે સાધુ પણું પાળવા માટે ઘણી પ્રશંસા પામ્યા અને ત્યાર પછી ઘણા અનુયાયીઓ વીરજીના પગલે ચાલ્યા. તેઓ મંદિરને બદલે સ્થાનકમાં રહેવા લાગ્યા એટલે તેમનું નામ સ્થાનકવાસી પડયું. તેઓ ઢુંઢીયા અને સાધુમાર્ગીના નામે પણ ઓળખાય છે. મૂર્તિપૂજા ના મતભેદ સિવાય સ્થાનકવાસી અને શ્વેતાંબર મૂર્તિપૂજકો વચ્ચે બહુ ફરક નથી.

**દેરાવાસી અને સ્થાનકવાસી વચ્ચેનો તફાવત :**

| દેરાવાસી | સ્થાનકવાસી |
|---|---|
| ૧) ૪૫ આગમોમાં માને છે.<br>૧૧ અંગ + ૧૨ ઉપાંગ + ૧૦ પ્રકીર્ણ<br>૬ છેદ સૂત્ર + ૪ મૂળ સૂત્ર +<br>૨ ચૂલિકા સૂત્ર | ૧) ૩૨ આગમોમાં માને છે.<br>૧૦ પ્રકીર્ણ અને ૨ છેદસૂત્રમાં નથી<br>માનતા ૧૧ અંગ + ૧૨ ઉપાંગ +<br>૩ મૂળ+ ૪ છેદ સૂત્ર + ૨ ચૂલિકા સૂત્ર |
| ૨) સાધુ તેમનું નામ બદલે છે. | ૨) સાધુ તેમના નામ નથી બદલતા. |
| ૩) સાધુ ઉપાશ્રયમાં રહે છે. | ૩) સાધુ સ્થાનકમાં રહે છે. |
| ૪) મૂર્તિપૂજા કરે છે અને જાત્રા કરવા જાય છે. | ૪) મૂર્તિપૂજા નથી કરતા, ભાવ પૂજા કરે છે. જાત્રા કરવા જતા નથી. |
| ૫) મુહપત્તીનો ઉપયોગ જરૂર પડે ત્યારે કરે છે. | ૫) મુહપત્તીનો ઉપયોગ ૨૪ કલાક કરે છે. |
| ૬) સંવત્સરી ભાદરવા સુદ ચોથના કરે છે. | ૬) સંવત્સરી ભાદરવા સુદ પાંચમના કરે છે. |
| ૭) પર્યુષણના પાંચમા દિવસે તિર્થંકર મહાવીરનો જન્મ દિવસ ૧૪ સ્વપ્ના સાથે ઉજવે છે. વરઘોડો કાઢે છે. | ૭) પર્યુષણ દરમ્યાન કોઈ વરઘોડો કે ઉત્સવ નથી કરતા. |

**૩) તેરાપંથી :** આ પંથ સ્થાનકવાસીમાંથી આવ્યો છે આચાર્ય ભિખુએઆની શરૂઆત કરી છે. તેમના ગુરુ આચાર્ય રઘુનાથજી પાસે સ્થાનકવાસી સંઘમાં તેમણે દીક્ષા લીધી હતી. પછી તેમના ગુરુ સાથે થોડાક સિધ્ધાંતિક વાતમાં મતભેદ થવાથી અને એ ઘણા વધી જવાથી તેમણે તેમણે તેરાપંથની સ્થાપના ૧૭૬૦ C.E. માં કરી. તેમણે ૧૩ સિધ્ધાંતો પર ભાર મૂક્યો. ૫ મહાવ્રત, ૫ સમિતિ અને ૩ ગુપ્તિ એટલે જ પંથનું નામ તેરાપંથી છે. મૂર્તિપૂજા નથી કરતા. એક જ આચાર્ય ૨૦૦ વર્ષથી છે.

આ એક અનોખો ગુણ છે. એક જ આચાર્ય છે આ પંથમાં. સાધુ-સાધ્વી તેમની આજ્ઞાનું પાલન કરે. તેઓ એક વાર્ષિક મેળાવડો કરે છે મર્યાદા મહોત્સવ નામનો જેમાં બધા સાધુ-સાધ્વી અને અનુયાયીઓ આવે છે અને બીજા વર્ષના અનુષ્ઠાન નક્કી કરે છે. પાછલા વર્ષના અનુષ્ઠાનોની વાતો કરે છે.

તેઓ સુધારાવાદી છે, જેઓ સાદગીમાં માને છે, તેઓ ધાર્મિક સાહિત્ય સર્જન, ધ્યાન કરવાની અને શીખવવાની વગેરે પ્રવૃતિઓ કરે છે. તેઓ સ્થાનકવાસીની માફક મુહપત્તી પહેરે છે.

તેઓના ૯ માં આચાર્ય તુલસીએ અણુવ્રત અભિયાન ચલાવ્યું હતું. જૈનોના સિધ્ધાંતો લોકોના નૈતિક આચરણ સુધરે એટલા માટે સુચવ્યા હતા. તેરાપંથીઓએ વિશ્વશાંતિ અને અહિંસક ક્રિયા વગેરે સંસ્થા શરૂ કરી છે. 'જૈન વિશ્વભારતી વિદ્યાલય' ની સ્થાપના કરી છે જેની નોંધ ભારત સરકારે લીધી છે. તેરાપંથી વધી રહ્યા છે. તેઓ ભારતના ઘણા શહેરોમાં છે. તેઓએ એક ઉચ્ચો વર્ગ ઉભો કર્યો છે. થોડા વર્ષો પહેલા તેઓએ એક શ્રમણ-શ્રમણીની નવી શ્રેણીની શરૂઆત કરી છે. તેઓ અર્વાચીન વાહનો વાપરે છે, સાગર પાર જાય છે, આપાતકાળમાં રાંધે છે, પશ્ચિમી દેશોની નિયમિત મુલાકાત લે છે, જૈન ધર્મનો પ્રચાર કરે છે. આચાર્ય તુલસીનો સંદેશો પહોંચાડે છે. તેમને એક અલગ બિરુદ મળેલ છે - ગુણાધીપતી.

આ એક નજર જૈન ધર્મોના અલગ અલગ સંપ્રદાયોની છે. દુઃખની વાત એ છે કે દરેક દિવસે આ પેટા વિભાગો વધતા જાય છે.